સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

શિકારીઓની નજરની ખાયકી ખસતી નથી,
વાઘની બોડમાં બિચારી પોલીસ પેસતી નથી,
ડસતી નથી FIR ની નાગણ છંછુદરોને -
મોટા માથામાં કાયદાની પાઘડી બેસતી નથી
(શીલા-અમિત શાહનાં નામ બકાત)

હાઈકુ

સર્કસ ઝૂલે,
ઝઝૂમે ઝડફિયા -
મારે ગૂલાંટો..
(સત્તા ના ખેલ)

રડે અરણ્યે -
'આમ આદમી' ચીખે
કોઇ સૂણે ના..
(રાજકારણની ભીંસમાં)

ચિંતન

અગ્નિર્યથૈકો ભુવનં પ્રવિષ્ટો રૂપં રૂપં પ્રતિરૂપો બભૂવ ।
એકસ્તથા સર્વ ભૂવાન્તરાત્મા રૂપં રૂપં પ્રતિરૂપો બહિશ્ચ ॥

(કઠોપનિષદ ૨/૫/૯)

એક જ રૂપ હોવા છતાં જેમ અગ્નિ વિવિધ રૂપોમાં પ્રવેશી વિવિધ સ્વરૂપને ધારણ કરે છે અને વિવિધ રૂપ બને છે તેમ 'બ્રહ્મ' તત્ત્વ પણ વિવિધ રૂપે-અવનવા સ્વરૂપ ને ધારણ કરી વ્યક્ત થાય છે.

અગ્નિ દીવો-મસાલ-યજ્ઞકુંડ જેવાં અનેક સ્વરૂપે ઓળખાય છે એમાં રહેલો અગ્નિ તો એક જ છે તેનાં નામ અનેક છે. એમ બ્રહ્મ પણ જુદા જુદા પંથના દેવો-સ્થાપકો-ભક્તો-સંતના સ્વરૂપે યુગકાર્ય કરવા આવે છે અનેક અવતાર ધારણ કરી જે તે સમયનું યુગધર્મ બજાવી પૂર્ણ કરી બ્રહ્મ-બ્રહ્મા સમાવિષ્ટ થાય છે. એ જુદા જુદા ધર્મ-સંપ્રદાયોમાં જન્મે છે. જુદાં જુદા નામ ધારણ કરે છે પણ છે તો એક જ 'બ્રહ્મ' - તુલસીદાસજી એ આજ વાત બાલકાંડની ચોપાઇ ૨૨/૩ માં સમજાવતાં લખ્યું છે.

ઉભય અગમ જુગ સુગમ નામ તે કહેઉ નામ બડબ્રહ્મ રામ તે ।
વ્યાપકુ એકુ બ્રહ્મ અવિનાશી સત ચેતન ઘન આનંદ રાસી ॥

નિગ્રૂણ બ્રહ્મ લાકડામાં છુપાયેલા અપ્રકટ અગ્નિ સમાન છે અને સગુણ બ્રહ્મ પ્રગટ અગ્નિ સમાન છે. બંનેને જાણવા કઠિન છે. પરંતુ નામથી બંને સુગમ છે તેથી હું બ્રહ્મ-રામ કરતાં નામને મોટું કહુ છું એ જ બ્રહ્મ વ્યાપક, એક, અવિનાશી, સત્, ચૈતન્ય અને આનંદઘન છે.

સુવિચાર

- રૂપિયા કમાવા જેટલી દોડધામો, આયોજનો કે જેટલો પરસેવો પાડો છો એથીયે ઓછી મહેનતે ભગવાન મળી શકે તેમ છે જ.. આપણી યાત્રા ગલત રસ્તે છે - ત્યાં ભગવાનની મંઝીલ નથી — *કાન્તિ ભટ્ટ*
- જેને સતત અખંડ આનંદની અનુભૂતિ કરવી છે તેણે ઇચ્છાઓમાંથી બહાર નીકળવું પડશે, ઇચ્છા રહિતતાની સ્થિતિ જ આનંદની ગંગોત્રી છે — *બ્રહ્મ. મહાચાર્ય*
- સગવડતા સાથે અગવડતા, પ્રકાશ સાથે અંધકાર, છાંયો સાથે તડકો, મજાની સાથે સજા, મસ્તીની સાથે વ્યથા જોડાયેલા જ હોય છે, પણ આનંદનો કોઇ વિરોધી શબ્દ નહીં- *ઓશો*
- સ્થિતિ સાનુકૂળ ના હોય તો તમે ભલે કશું આપી ના શકો.. પણ હૃદયમાં ભાવ તો કશુંક પણ આપી છુટવાનો રાખો. ભાવ સાચો હશે તો ભગવાન જરૂર મદદે આવશે — *મોરારિ બાપુ*
- પ્રભુ એ તમને વિશાળ હૃદય આપ્યું છે. આ હૃદય જયારે તમે સાંકડુ બનાવો છો ત્યારે ઘરમાં અને ચિત્તમાં અશાંતિનું આગમન થાય છે — *સંત ફ્રાન્સિસ*
- જીવસૃષ્ટિના આરંભથી આજદીન સુધીમાં ઇર્ષા વગરના માણસનું અવતરણ હજી સુધી થયું નથી, ઇર્ષા એ માણસની આદિમવૃત્તિ છે — *પંચતંત્ર*
- માનવતાનો લોભ ન હોય, એ સાચવી રાખવાની વસ્તુ નથી પણ લુંટવાની જણસ છે — *રાજચંદ્ર*

(સંકલન : દીપક બી.આસરા)

બોધ કથા

જથ્થાબંધ ડિગ્રીઓનાં પૂંછડાં હોય એને વેદ-ગીતાના શ્લોકો પોપટની જેમ પટપટ મુખપાઠથી બોલી જાય એ વિદ્વાન નથી. ઇશ્વરની સતત હાજરી અનુભવતો, ધર્મભીરૂ અને નિખાલસ હૃદયવાળો જ સાચો વિદ્વાન છે.

એક મહાત્માને ચાર શિષ્યો હતા. એમાંના ત્રણ તો ખાસ સંસ્કૃત-વેદ ભણવા આવ્યા હતા પણ ચોથો યુવાન ત્યાંના વનનો આદિવાસી હતો, જે આશ્રમનાં ફૂલછોડ-સાફસુફી-સમિધ વગેરેની ખાસ ધ્યાન રાખી મહાત્માની આજ્ઞા સાંભળવા તત્પર રહેતો. ગુરૂજીએ એને પણ શિષ્યનો જ દરજ્જો આપ્યો હતો. એ વેદપાઠ ભણતો નહીં પણ સાંજના કથા-વ્યાખ્યાનમાં અચૂક હાજરી આપતો. પેલા ત્રણ આવી ગયા હોય છતાં આ આદિવાસી શિષ્ય કામમાંથી પરવારી આવે નહીં ત્યાં સુધી મહાત્મા કથા શરૂ કરતા નહીં. ત્રણેયે એકવાર ગુરુને ફરિયાદ કરી આ તો અમારું અને અમારી વિદ્વતાનું અપમાન છે!!

મહાત્માએ ચારેને પ્રસાદના પડીકાં આપી કહ્યું, 'આ વરિષ્ઠ પ્રસાદ છે કોઇ ન જૂએ ત્યાં એકાંતમાં બેસી ખાજો!' પેલા ત્રણે ઝાપટી આવ્યા. આદિવાસી શિષ્ય એમને એમ પડીકું પાછું લાવ્યો. ગુરૂજીએ કારણ પૂછ્યું. પેલો કહે - અંદર બેઠેલો તો જુએજને?' ગુરૂજીએ પેલા ત્રણ સામે જોયું. ત્રણેય શરમથી નીચું જોઇ ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

માણસોની આંખમાં એક ચોરસ મીલીમીટરમાં ૨,૦૦,૦૦૦ જેટલાં પ્રકાશગ્રાહી (ફોટો રીસેપ્ટર) હોય છે જે ચકલી જેવા જાણીતાં પક્ષીઓ ૪,૦૦,૦૦૦ એટલે કે આપણામાંથી બમણાં ધરાવે છે આવા ફોટો રીસેપ્ટર બાજ જેવા શિકારી પક્ષીઓ તો ૧૦ લાખ જેટલા ધરાવે છે

વન્યસૃષ્ટિ પરિચય
પક્ષીઓની દૃષ્ટિશકિત

- હેમંત સુથાર

આ પૃથ્વી પરના જીવોમાં ઉડી શકવાની ક્ષમતા ધરાવતાં પક્ષીઓ જોઇ શકવાની એટલે કે દૃષ્ટિ શક્તિમાં પણ ઘણીબધી ખાસિયતો ધરાવે છે. માનવોની આંખો અને ઘણાં બધા સસ્તન પ્રાણીઓની આંખો ગોળ હોય છે. જયારે પક્ષીઓની આંખો ચપટી હોય છે. સામાન્ય રીતે આપણે માનવો ૨૦૦° ની પહોળાઇ કે વ્યાપનું ક્ષેત્ર જોઇ શકવાની ક્ષમતા ધરાવીએ છીએ ત્યારે પક્ષીઓની આંખો તેમના માથાના એવા ભાગમાં બંને તરફ ગોઠવાયેલી હોય છે કે તે આપણાં કરતાં વધારે વિસ્તાર વ્યાપ જોઇ શકે છે. આપણી આસપાસ નિયમિત રૂપે જોવા મળતાં કબૂતરો ૩૪૦° નું વ્યાપ ક્ષેત્ર જોઇ શકે છે. તેની સાથે સાથે દૂરનું જોવા માટેનાં બાયનો કલયુલરની જેમ ૨૪ ડિગ્રીના વ્યાપમાં સામેની તરફ જોઇ શકે છે.

બધા પક્ષીઓ એકનેત્રી નેત્રી દૃષ્ટિ (મોનોકયુલર વિઝન) ક્ષમતા ધરાવે છે. તેમની બંને આંખો સ્વતંત્ર રીતે અલગ-અલગ દૃશ્યો જોઇ શકે છે અને બંને આંખોની મદદથી તે ટેલીસ્કોપીક વ્યુથી પણ જોઇ શકે છે.

આપણે માનવો વિવિધ રંગો જોઇ શકીએ છીએ તેમ પક્ષીઓ પણ વિવિધ રંગો જોઇ શકે છે. તેથી વિશેષ આપણાં કરતાં તે જુદી જ રીતે વધારે પ્રમાણમાં રંગો જોઇ શકે છે. પક્ષીઓની આંખોના નેત્રપટલના શંકુકોષોમાં તેલનાં નાના ટીપાં હોય છે જે, લાલ, કેસરી અને પીળા રંગનાં હોય છે. જે લાંબી તરંગલંબાઇના કિરણોને ટુંકી તરંગ લંબાઇમાં ફેરવીને જોઇ શકવાની શક્તિ પુરી પાડે છે.

જે વનસ્પતિઓ પરાગનયનની ક્રિયા માટે પક્ષીઓની મદદ લે છે તેવી ૮૦ ટકાથી વધુ વનસ્પતિઓનાં ફૂલોનો રંગ લાલ હોય છે.

તે જ રીતે જે વનસ્પતિઓમાં બીજનો ફેલાવો પક્ષીઓ દ્વારા થાય છે તેવી વનસ્પતિઓનાં ફળોનો રંગ પણ લાલ જોવા મળે છે. તેની પાછળનું કારણ પક્ષીઓ લાલ રંગ વધુ સારી રીતે જોઇ શકતાં હોય છે તે છે. આજ કારણથી ઘણાં બધાં કીટકોની ઇયળો, ભમરીઓ અને દેડકાઓ પક્ષીઓથી રક્ષણ મેળવવા માટે ચમકીલા લાલ કે પીળા રંગોને ધારણ કરીને પોતે ધારણ કરીને પોતે બેસ્વાદ કે ઝેરી છે તેવું જાહેર કરે છે.

સંવનન ઋતુમાં પ્રેમસંદેશાઓ મોકલવા માટે ખાસ કરીને નર પક્ષીઓ જે રંગીન પીંછા ધારણ કરે છે તેમાં પણ લાલ, પીળા કે કેસરી રંગનું વિશેષ પ્રમાણ જોઇ શકાય છે તેનું કારણ પણ આજ છે.

પક્ષીઓ ધ્રુવીભૂત (પોલરાઇઝડ) પ્રકાશ પણ જોઇ શકે છે. જે ધુળીયા, વાદળ છાયા કે વધુ પ્રકાશિત આકાશ કે વાતાવરણમાં તેમને વધુ સ્પષ્ટતાથી જોઇ શકવામાં મદદરૂપ બને છે.

માણસોની આંખો ટુંકી તરંગલંબાઇના પારજાંબરી (અલ્ટ્રા વાયોલેટ) પ્રકાશને જોઇ શકતી નથી. પરંતુ પક્ષીઓ તેને સારી રીતે જોઇ શકે છે. પક્ષીઓ ૪ (ચાર) પ્રકારના શંકુ રંગ ગ્રાહીઓ (કલર રીસેપ્ટર કોન્સ) ધરાવે છે. જે માનવોમાં ૩ (ત્રણ) પ્રકારનાં અને ઘણાં સસ્તન જીવોમાં ફરત એક જ પ્રકારનાં હોય છે. આ કારણે પક્ષી પારજાંબલી ક્ષેત્ર રંગપટ જોઇ શકે છે જે પૈકી ઘણાં ઘણા પ્રકાશ રંગો માનવો જોઇ શકતાં નથી. ઘણી બધી વનસ્પતિઓનાં ફૂલો અને ફળો પારજાંબલી કિરણો પરાવર્તિત કરે છે જે પક્ષીઓને દેખાય છે. માનવોથી જોઇ શકાતાં નથી.

લર્જી (કોમન કેસ્ટ્રલ) પક્ષી ઉંદરોના પેશાબ દ્વારા પરાવર્તિત થયેલા પારજાંબલી કિરણોને જોઇને ઉંદરનું સ્થાન શોધીને તેનો શિકાર કરવાની ક્ષમતા ધરાવે છે. સ્થળાંતર કરતાં પક્ષીઓ વાદળોમાંથી ગળાઇને આવતાં પારજાંબલી કિરણોની મદદથી સૂર્યનું સ્થાન નક્કી કરીને માર્ગ શોધી કાઢે છે.

માણસોની આંખમાં એક ચોરસ મીલીમીટરમાં ૨,૦૦,૦૦૦ જેટલાં પ્રકાશગ્રાહી (ફોટો રીસેપ્ટર) હોય છે જે ચકલી જેવા જાણીતાં પક્ષીઓ ૪,૦૦,૦૦૦ એટલે કે આપણામાંથી બમણાં ધરાવે છે. આવા ફોટો રીસેપ્ટર બાજ જેવા શિકારી પક્ષીઓ તો ૧૦ લાખ જેટલા ધરાવે છે.

શરીરના કદની સરખામણીમાં અન્ય જીવો કરતાં પક્ષીઓની આંખો મોટી હોય છે. ઓસ્ટ્રીચ પક્ષીની આંખો મોટી હોય છે. ઓસ્ટ્રીચ પક્ષીની આંખો પૃથ્વી પરના જીવોમાં સહુથી મોટી છે. માનવો સાથેની સરખામણીમાં તે બે ગણી મોટી કહી શકાય. શિકારી પક્ષીઓની આંખો અન્ય પક્ષીઓની આંખો કરતાં ૧.૪ ગણી મોટી હોય છે.

પક્ષીઓ તેમની આંખોને ફેરવી શકતા નથી. તેના કારણે તેઓ તેમની ડોકને યોગ્ય દિશામાં ફેરવીને ઉપર નીચે કે આજુબાજુ જોવાનું પસંદ કરે છે. ઘુવડ તેની ડોકને ૨૮૦ ડિગ્રી જેટલી ફેરવી શકે છે. ઘુવડની દૃષ્ટિ ખરા અર્થમાં સ્ટીરીયો સ્કોપીક, એટલે થ્રી ડાયમેન્શન (ત્રિ-પરિમાણીય) હોય છે. તેમની આંખો માથાના આગળના ભાગે હોય છે. તેમની આંખની કીકીઓ - પોપચાં માણસો જેવડા જ હોય છે. તેમની બાયનોક્યુલર જેવી દૃષ્ટિ ૬૦ થી ૭૦ ડિગ્રીનું ક્ષેત્ર ઓવરલેપ થાય છે જે શિકારી પક્ષી શકરામાં ૩૦ થી ૫૦ ડિગ્રી જેટલું જોવા મળે છે. આ કારણે આવા પક્ષીઓ દૂરની વસ્તુઓ વધુ સારી રીતે જોઇ શકે છે.

પક્ષીઓની આંખોમાં રહેલી હાર્ડરીયન નામની ગ્રંથિ તેની આંખોમાં તેલીય પદાર્થનો સ્રાવ કરે છે. જેના કારણે પક્ષીની આંખો સુકાઇ જતી નથી. પક્ષીની આંખો પલકારા ન મારી શકતી હોવા છતાં સાફ થઇ શકે છે. તે માટે ખાસ પ્રકારની ઝીલ્લી (મેમરેન) મદદરૂપ બને છે.

વનચોર (વુડ કોક) નામનું પક્ષી ખુબ જ વિશિષ્ટ દૃષ્ટિ શક્તિ ધરાવે છે. ક્ષૈતિક સમતલ તે ૩૬૦ ડિગ્રી જેટલું એટલે કે ફરતેનું બધું જ તે જોઇ શકે છે. જયારે ઉર્ધ્વ સમતલ ભાગમાં તે ૧૮૦ ડિગ્રી જેટલું જોઇ શકે છે. આ પક્ષીની આંખો માથાના ખુબ જ ઉપરનાં ભાગે આવેલી હોવાથી તેની ફરતેનું ચારે દિશાનું લગભગ બધું જ જોઇ શકે છે. ચોરોની ચાર આંખ હોય તે કહેવત ધ્યાનમાં લઇને આ પક્ષીનું નામ વનચોર રખાયું હશે.

પાણીના, જંગલના, જમીન પરના કે હવામાં ઉડતાં રહેતા પક્ષીઓ તેમની રહેઠાણ અને આદતો મુજબ વિશિષ્ટ દૃષ્ટિ શક્તિઓ ધરાવે છે. જે કેટલાક કિસ્સાઓમાં આપણી કલ્પના બહારનું છે.

લાયસન્સ લીધા સીવાય કોઈપણ મ્યુઝીક કંપનીના ગીતો વગાડવાએ કોપીરાઈટ એકટ ૧૯૭૫ ની કલમ-૫૧ મુજબ ગુનો બને છે

વાત કાયદા કાનૂનની...

-અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ

લગ્ન પ્રસંગોમાં પાર્ટીઓમાં ઘણી જગ્યાએ બેન્ડવાઝા તથા ડી.જે. ગરબાનું આયોજન કરવામાં આવે છે પરંતુ સામાન્ય લોકોને કાયદાની ખબર ના હોવાન કારણે ડી.જે. કોઈપણ ગીતો અથવા ગરબા વગાડેતો તેને મ્યુઝીકનો પ્રાઈરેશી ગણવામાં આવે છે. કોપીરાઈટ એકટની જોગવાઈ હેઠળ આ મ્યુઝીક વગાડવા માટે ડી.જી.એ પણ લાયસન્સ ફી ચુકવવી પડે છે. જેનું ધોરણ વાર્ષિક ૧૫૦૦૦ નું રાખવામાં આવેલ છે. જે ફી પીપીએલ, ફોનોગ્રાફી પરફોમન્સ લીમીટેડને આવા ડી.જે. આયોજકોએ ચુકવવાની રહે છે અને તે બદલ લાયસન્સ મેળવવાનું રહે છે ત્યારબાદ જ ગીત, ગરબા વગાડી કે ડિસ્પ્લે કરી શકાય છે જેની જાણકારી લગ્ન પ્રસંગે કે પાર્ટીના આયોજકોને ના હોવાને કારણે ઘણીવાર આયોજકો ડી.જે. એ લાયસન્સ ના મેળવ્યું હોય તો મુશ્કેલીમાં મુકાઈ જાય છે અને પ્રસંગ બગડે છે તથા રંગમાં ભંગ જેવી સ્થિતિનું નિર્માણ થાય છે.

લગ્ન પ્રસંગ સગાઈ પ્રસંગ કે પાર્ટીમાં ડિસ્કો જોકી રાખીને સંગીતની પાર્ટીઓ કરનારાઓના ત્યાં મ્યુઝીક પાર્ટીના ઈસ્પેકટરો ત્રાટકી શકે છે રેડ પાડી શકે છે અને ડી. જે.એ પી.પી.એલ.નું લાયસન્સ ના મેળવ્યું હોય તો ઇસ્પેકટરો મ્યુઝીકના સાધનો જપ્ત કરી આયોજક તથા ડી.જે. સામે પોલીસ ફરીયાદ કરી કાયદેસરની કાર્યવાહી કરી શકે છે.

લગ્ન કે અન્ય કોઈ પ્રસંગે સંગીતનો જલસો યોજનારાઓએ ડી.જેને હાયર કરતા પહેલા તેણે કોપીરાઈટ એકટ હેઠળ ડિસ્ક જોકીએ લાયસન્સ લીધું છે કે નહિ તેની ચકાસણી કરી હશે તો તેમને આ પ્રકારની તકલીફમાંથી મુકતી મળી શકશે અને પ્રસંગ વિનના વિઘ્ને પાર પાડી શકાશે. જો લાયસન્સ ના મેળવ્યું હોય તો પ્રસંગને અધવચ્ચેથી અટકાવી દેવાય તેવો ખતરો પણ રહે છે.

ફોનોગ્રાફી પરફોમન્સ લીમીટેડે આ સંદર્ભે અમદાવાદ સીટી સીવીલ કોર્ટમાં સરખેજ-ગાંધીનગર હાઈવે પરની મોટી કલબો સહિત ચાર પાર્ટીઓ સામે સીટી સીવીલ સ્યુટ નં. ૩૩૨૮/૧૩ દાખલ કરી પાર્ટી કરતા પહેલા લાયસન્સ ફી જમા કરાવવાની ફરજ પાડવાની અને લાયસન્સ ફી જમા ના કરાવે તો તેમની ૩૧ મી ડિસેમ્બ્રની પાર્ટી રદ કરવાની દાદ માંગેલ આ સંદર્ભે સીટી સીવીલ જજે ચુકાદો આપી અમદાવાદા-ગાંધીનગરની કલબો તથા આશ્રમ રોડ પરની એક ફાઈવસ્ટાર હોટલ સહિત વસ્ત્રાપુરના એક ડિસ્કોપને ૩૧મી ડિસેમ્બરની પાર્ટી પહેલા આવા પ્રકારના લાયસન્સ ફી ફોનોગ્રાફી પરફોમન્સ લીમીટેડને ચુકવવા હુકમ કરેલ જે અંગે આવી પાર્ટીમાં વગાડવામાં આવતા ડી.જે. ગીત, સંગીતને કોપીરાઈટ એકટ ૧૯૭૫ ની કલમ-૫૧ નો ભંગ થતો હોવાનું ગણી ફી ભરવાની ફરજીયાત છે તેમ જણાવતો ચુકાદો જાહેર કરેલ તેમજ આવી ફી દર વર્ષે આ કંપનીમાં જમા કરાવી તે બદલ લાયસન્સ પણ મેળવવું ડી. જે. તથા સંગીત પાર્ટી ડિસ્કોપ તથા હોટલો રીસોર્ટના માલિકો માટે ફરજીયાત બનાવાયું છે.

મ્યુઝીક કોપી રાઈટ ધરાવતી ૩૦૦ કંપનીઓની સંયુકત કંપની ફોનોગ્રાફી પરફોમન્સ લીમીટેડ કંપનીના અધિકારીના ખાતે લાયસન્સ લીધા વીના કોઈપણ મ્યુઝીક કંપનીના ગીતો વગાડવા માટે કોપીરાઈટ એકટ-૧૯૭૫ ની કલમ-૫૧ મુજબ નો ભંગ માટે ગુનો બને છે. આ ગુના બદલ સદર એકટની કલમ-૬૬ મુજબ છ માસથી માંડીને ત્રણ વર્ષની જેલની સજાની જોગવાઈ છે તેમજ રૂા.૫૦,૦૦૦/ થી ૨,૦૦,૦૦૦/ સુધીના દંડની પણ જોગવાઈ કાયદામાં છે. લાઉન્સ બેન્કવેટસ સહિત મનોજરંજન માટેના જુદા જુદા સ્થળો ધરાવતી હોટેલ્સ તેમની કંપનીને યોગ્ય ફી જમા કરાવ્યા વિના જ તેમના કોપીરાઈટ મ્યુઝીકને વગાડીને તેનો દૂરઉપયોગ કરી રહ્યા છે કેસેટ વગાડીને કે પછી સીડી વગાડીને કે ઓડિયો, વિડીયો રેકોર્ડીંગના અન્ય માધ્યમોનો ઉપયોગ કરીને તથા સાઉન્ડ અવાજનો સમાવેશ કરતા વિઝયુઅલ્સના માધ્યમથી કંપનીના કોપીરાઈટ મ્યુઝીકનો ઉપયોગ કરવા સામે પગલા ભરવા પણ પીટીશનમાં દાદ માંગેલ છે જે અંગે કોડ ઓફ સીવીલ પ્રોસીઝરના રૂલ નં. ૩૯(એ) (બી)ની જોગવાઈ હેઠળ પ્રતિવાદીને વાદીએ માંગેલ તમામ દાદનું પાલન કરવા કેસમાં હોટલ્સ્ રીસોર્ટ પાર્ટીપ્લોટના આયોજકોએ પરફોમન્સ લીમીટેડને લાયસન્સ ફી ચુકવી આપી હતી. આવી લાયસન્સ ફીનું ધોરણ આ પ્રમાણે છે. ફાઈવસ્ટાર ડિલકસ હોટલ ૪૨૦૦/- રૂા., ફાઈવસ્ટાર હોટલ રૂા.૩૬૦૦૦/- રૂા. ફોર સ્ટાર હોલટ રૂા.૨૫૨૦૦/- થી સદર ૧૬૮૦૦ રૂા. ટુ સ્ટાર હોટલ ૧૨૦૦૦/- રૂા. બેન્કવેટ હોલ ૫૦૦ થી વધુ માણસ માટેના ૫૦૦/- રૂા. જયારે ૫૦૦ થી વધુ માણસ માટેની ક્ષમતા ધરાવતા હોય તો ૧૦૦/- રૂા. ફી એસી રેસ્ટોરન્ટ, કાફે જયાં ૩૦ થી ઓછી બેઠક હોય તેના માટે ૨૫૦૦/- એસી રેસ્ટોન્ટ, કાફે ૩૦ થી ૫૦ બેઠકવાળા માટે ૫૦૦૦/- તથા એસી રેસ્ટોરન્ટ કાફે ૫૦ થી વધુ બેઠકવાળા માટે ૭૫૦૦ રૂા. ફીનું ધોરણ રાખવામાં આવેલ છે. જયારે ડીજે પાર્ટી માટે રૂા.૧૫૦૦૦/- વાર્ષિક ફી ફોનોગ્રાફી પરફોમન્સ લીમીટેડને ચુકવવાની રહેશે.

પવન તથા વરસાદને લીધે, વાતાવરણ એકદમ તોફાની થઇ જાય છે રસ્તામાં આવતી છાપરાવાળી હોટલના છાપરાં ઉડવા માંડે છે, સર્વત્ર અંધારપટ્ટ છવાઇ જાય છે

બલિદાન
લઘુકથા

- નિરંજન ઓઝા

ભાવનગર શહેરમાં ઘોઘા સર્કલ પાસે આવેલ રામાનંદ ફ્લેટમાં કરશનકાકા કુટુંબ સાથે રહે છે. કુટુંબના પુત્ર-પુત્રવધુ તેમજ પૌત્રી નામે સવિતા છે. કરશન કાકા ભાવનગરની મુખ્ય પોસ્ટ ઓફિસમાંથી સિનિયર કલાર્કની જગ્યાએથી ત્રણ વર્ષ પહેલા નિવૃત્ત થયા છે, ઉંમરને લીધે બીજી પ્રવૃત્તિ કરી શકતા નથી. પરંતુ તેમનાં ફ્લેટ સામે આવેલ ઘોઘા સર્કલના બગીચામાં આઠ-દસ નિવૃત્ત વડીલો સાંજના સમયે એક બે કલાક માટે ભેગા થાય છે, અલક-મલકના પ્રશ્નોની ચર્ચા કરે, કોઇનાં જન્મ દિવસ કે શુભ પ્રસંગ હોય તો ચા-પાણી નાસ્તો કરી, આનંદ ઉલ્લાસ સાથે છૂટા પડે, બાળકો સર્કલની આજુબાજુ ઘોડેસ્વારીનો આનંદ લે.

આમ ભેગા થતાં વડિલો પ્રવાસના બહુ શોખીન, વર્ષમાં એકાદ વખત તો પ્રવાસનું આયોજન નો થાય જ, એટલે આ વર્ષ પ્રવાસમાં ક્યાં જવું તેની ચર્ચા ચાલતી હતી, ત્યારે કરશન કાકા જે પ્રવાસમાં આયોજન માટે ખૂબ જ નિષ્ણાત છે તેને પ્રવાસ અંગે સુચન કરવા વિનંતી કરવામાં આવે છે, કરશન કાકા જણાવે છે કે હાલમાં મહા મહિનો ચાલે છે અને મારી પૌત્રી સવિતાના વૈશાખ મહિનામાં લગ્ન લેવાના છે તેથી પ્રવાસમાં મારાથી આવી શકાય તેમ નથી પરંતુ પ્રવાસનું આયોજન કરી દઇશું, આ સાંભળી બધાં જ વડીલોની વિનંતી કરી કે લગ્ન તો વૈશાખ મહિનામાં છે જેને હજુ ઘણો જ સમય છે. તેથી પંદરેક દિવસના પ્રવાસનું આયોજન કરે અને તમારે પણ આવવાનું છે. આમ પ્રવાસના આયોજનની બધી જ જવાબદારી કરશનકાકા ઉપર આવે છે ખૂબ જ વિચારણાના અંતે હરિદ્વાર તથા તેની આજુબાજુના ચારધામના પ્રવાસનું સૂચન કરે છે, પ્રવાસ પંદર દિવસનો સર્વાનુમતે નક્કી થાય છે. બધી જ વ્યવસ્થા મુજબ પ્રસ્તાનનો દિવસ તથા ક્યાં કયા કેવી રીતે જવું તથા હોલ્ટ ક્યાં કરવો તેની વિગતો સાથે મંડળી પ્રસ્થાન કરે છે.

પ્રવાસની શરૂઆતમાં બે દિવસ હરિદ્વારને ફાળવ્યા હોવાથી ગુજરાતી સમાજમાં રોકાણ કરવામાં આવે છે, હરિદ્વારમાં તથા ઋષિકેશમાં રામ તથા લક્ષ્મણ ઝુલ્લા, હરકી પેઢી, મંદિરોમાં દર્શન કર્યા પછી, ચારધામની યાત્રા માટે ગુજરાતી સમાજની સામે જ ટ્રાવેલીંગ એજન્ટને ત્યાંથી ચાર વ્યક્તિ સમાઇ શકે તેમજ યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, તથા હરિદ્વાર પરત માટે મોટરકાર કરી લેવામાં આવે છે, તદાનુસાર સર્વપ્રથમ બે દિવસ યમનોત્રી, ત્યારબાદ બે દિવસ ગંગોત્રીની યાત્રા કરી, મંડળી એટલે કે વડિલો કેદારનાથ આવે છે, ત્યાં ઘોડા ઉપર બેસી શકાય તેમ ન હોવાથી, ચારે વડીલો પાલખી કરી, પોતાનું નામ સરનામું આપી ઉપર યાત્રાનું પ્રસ્તાન કરે છે, નશીબ જોકે કેદારનાથ મંદિર પાસે જ એક ધર્મશાળામાં ઉત્તરાણ કરે છે, કે જેથી મંદિરે દર્શને ચાલવું પડે નહિ. સાંજના સમયે, દર્શન કરી ઉતારે પાછા ફરે છે. ત્યારે સુચના મળે છે કે વાતાવરણમાં ઘણો જ ફેરફાર થઇ રહ્યો છે. ખૂબ જ પવન તથા વરસાદથી શક્યતા છે તેથી વહેલાસર યાત્રાળુઓનો ઉતારો આપી જવાની સુચના વહેલાસર જમણ વિગેરે પતાવી, સુવાની તૈયારી કરે છે ત્યારે શરૂણાં જોરથી પવન ફૂકાય છે એ તેની સાથે ઘોઘમાર વરસાદ તુટી પડે છે. પવન તથા વરસાદને લીધે, વાતાવરણ એકદમ તોફાની થઇ જાય છે રસ્તામાં આવતી છાપરાવાળી હોટલના છાપરાં ઉડવા માંડે છે. સર્વત્ર અંધારપટ્ટ છવાઇ જાય છે. આખી રાત્રીના આવેલ તોફાનને લીધે, યાત્રાળુઓની તેમજ મંદિરની આજુબાજુની ધર્મશાળા ધરાશાય થવા લાગી, યાત્રાળુઓનાં રૂદન તથા બુમાબુમને લીધે, અસંખ્ય માનવહાનિ થઇ હોય તેમ લાગતાં, સરકારી તંત્ર પણ રાત્રીથી કાર્યરત થઇ ગયું, જયાં જુઓ ત્યાં મનુષ્ય દેહ રસ્તામાં પડ્યા હતા, કરશનલાલ તથા તેની સાથનાં સાથીઓ છૂટા પડી જાય છે. તોફાન તથા વરસાદને લીધે, લાઇટો પણ બંધ ગઇ. સવાર પડતાં તો કેદારનાથ સ્મશાનમાં ફેરવાઇ ગયું. બહારથી આવેલા વ્યક્તિઓનો એક બીજા સાથોનાં સંપર્ક તૂટી ગયો. બીજા દિવસે સવારે યાત્રીઓનાં થયેલા અવશાનની યાદી પણ સરકારશ્રી તરફથી જાહેર કરી, સંબંધિતોને જાણ કરી દેવામાં આવી.

આવા વાતાવરણમાં ઓળખી શકાય તેવી પરિસ્થિતિમાંન રહ્યાં એવા કરશનકાકા, ઠૂઠવાતા, ગભરાતા ગભરાતા સાથીઓને શોધતા શોધતાં પોલીસ કેમ્પમાં લથડાતા પગે આવે છે અને હરિદ્વાર સ્ટેશને પહોંચડેલા વિનંતી કરે છે. કરશનકાકાને જણાવવામાં આવે છે કે તાત્કાલિક તો પહોચાડી શકાય તેમ નથી પરંતુ સમયાન્તરે યોગ્ય વ્યવસ્થા કરી આપવામાં આવશે. એક દિવસના વિરામ પછી કરશન કાકાને હરિદ્વાર સ્ટેશને પહોંચાડવામાં આવે છે, ત્યાં સ્ટેશન ઉપર તેમણે એક પાસ આવી, જાણ કરવામાં આવે છે કે આ પાસને લીધે તમે કોઇ પણ ટ્રેનમાં મુસાફરી વિના ટીકીટે કરી શકશો. બે દિવસ પછી, રાતના ૧-૩૦ વાગે કરશનકાકા ભાવનગર સ્ટેશને પહોંચે છે. સ્ટેશન ઉપર એક પણ વાહન દેખાતું નથી. તેથી થોડીવાર પછી વાહન આપશે તેની રાહ જુએ છે પરંતુ વાહનની શક્યતા ન લાગતાં, હવે કુટુંબીજનોને વેળાસર મળવાના હેતુથી ત્રણ ચાર કિ.મી. ચાલી નીકળે છે. ઘરે આવી, બારણું ખખડાવતાં, પુત્ર બારણું ખોલે છે. સામે બાપુજીને થાકેલાં ઉભેલા જોઇ 'બાપુજી તમે? બોલી જવાય છે. પુત્રવધુ પણ ભાગી જાય છે એ ચાહ બનાવી સૂઇ જવા તથા આરામ કરવાનું કહેવામાં આવે છે. કરશન કાકાને નિંદર આવતી નથી કારણ કે તેની સામે કેદારનાથનું તોફાન, તેમનાં સાથી મિત્રો તથા તેમના પર વિતેલા ત્રાશનું વિચારતાં વિચારતાં, બાથરૂમ જવા ઊભા થાય છે ત્યાં બાજુના રૂમમાંથી તેમનાં પુત્રવધુનો અવાજ સંભળાય છે કે 'બાપુજી તો આવી ગયા, હવે આપણી સવિતાના લગ્નનું શું થશે? તેમજ સરકારે જાહેર કરેલ રકમ મળશે કે કેમ?'

આ સાંભળી કરશનકાકા મનોમન વિચાર કરી એક કાગળનાં ટુકડામાં લખે છે કે "મારી ચિંતા કરતાં નહિ, હું હવે પાછો નહિ આવું. સવિતાના લગ્ન ભવ્ય રીતે કરજો." હજુ સવાર પડવાને વાર હતી, અંધારું હતુ તેથી કોઇને જાણ થાય તે પહેલાં જેવી રીતે આવ્યો હતો તેવી રીતે પાછો ફરે છે. આ વાતને વર્ષો વીતી જાય છે. ત્યારે પુત્ર તથા પુત્રવધુ દરેક વર્ષે કરશનકાકાએ આપેલ 'બલિદાન'ને નતમસ્તકે યાદ કરી પ્રણામ કરે છે.